## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



ના બહેન ચિંતા જેવુ નથી... લોકસભાની ચુંટણીમાં બધા વિપક્ષ ભેગા થઇને મીટીંગ કરીને એટલે... સારૂ થઇ જશે...!!

# શહેરની સિવિલમાં પ્લાઝમા ફેરેસીસની સારવાર બાદ મહિલાને નવજીવન મળ્યું

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઈતિહાસમાં સૌ પ્રથમવાર પ્લાઝમાં ફેરેસીસની સારવાર બાદ ૨૮ વર્ષિય મહિલા દર્દીને મોતના મુખમાંથી ઉગારી લેવામાં આવી છે.

ગાંધીનગર હોસ્પિટલના આઈસીયુ વિભાગના ડોકટર્સ થી લઈ તમામ સ્ટાફના કર્મચારીઓએ ૨૩ દિવસ સુધી રાત-દિવસ દર્દીની સેવા કરી છે. ત્યારે મહિલા દર્દીને નવુ જીવન મળતા તેને અને તેના પરિવારના સભ્યોએ આઈસીયુ વોર્ડના સ્ટાફના સભ્યો અને હોસ્પિટલનો આભાર વ્યકત કર્યો હતો.

મળતી વિગત મુજબ ગાંધીનગરના સાદરા ગામની મહિલા દર્દીને ગત તા.૧૭-૫-૨૩ ના રોજ તાવ અને ખેંચ આવવાથી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. પરંતુ મહિલા દર્દીની તબિયત વધુ લથડતા તેણીને તા.૨૦-૫-૨૩ થી આઈસીયુ વોર્ડમાં વધુ સઘન સારવાર માટે ખસેડાયા હતા. ત્યારે મહિલાની હાલત નાજુક થતા તેના મગજ, કિડની અને લીવર પર અસર થઈ હતી. તેણીને લોહીના ઘટકોની તકલીફ થઈ હતી. જેથી મહિલા દર્દીને વેન્ટીલેટર પર રાખવામાં્ આવી હતી.



ડાયાલીસીસ અને પ્લાઝમાં ફેરેસીસીની સારવાર આપવામાં આવી હતી.

અમદાવાદ કિડની હોસ્પિટલથી પ્લાઝમાં મંગાવી સારવાર આપવામાં આવી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પ્રથમવાર અધ્યતન પ્લાઝમાં ફેરેસીસની સારવાર આપી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલી મહિલા દર્દીને નવજીવન આપ્યું છે. સામાન્ય તાવ અને ખેંચની બિમારીમાં એડમીટ થયેલી મહિલાની હાલત ગંભીર થઈ જતા પરિવારજનો પણ ચિંતિત બની ગયા હતા.

પરંતુ આઈસીયુ વિભાગના ડોકટર્સ અને તમામ સ્ટાફની મહેનતથી મહિલા સ્વસ્થ બની જતા રજા આપતા ઘરે ગઈ હતી. ત્યારે તેના પરિવારજનોના ચહેરા પર અનોખી ચમક જોવા મળી હતી.જયારે મહિલા અને તેના પરિવારજનોએ આઈસીયુ વિભાગના તમામ ડોકટર્સ અને સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો.

## રીક્ષાનું આગળનું ટાયર નીકળી જતા પલ્ટી ખાઈ જતા વૃધ્ધાનું મૃત્યું

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ટીંટોડા ફાટક આગળ રોડ ઉપરથી પસાર થઈ રહેલી રીક્ષાનું આગળનું ટાયર અચાનક નીકળી જતા ચાલકે કાબુ ગુમાવતા રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. બનાવમાં રીક્ષા ચાલક તેમજ માતા-દિકરાને ગંભીર ઈજા પહોંચતા ત્રણેયને ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા.જયાં વૃધ્ધાનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના રતનપુરા ગામનો ૩૨ વર્ષિય ચંદુભા બળવંતસિંહ સોલંકી ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ચંદુભાની માતા જામબા ની ગાંધીનગર સિવિલમાં સારવાર કરાવવા ગતરોજ સવારે ચંદુભા તેમના ભાભી લીલાબા સોલંકી અને અનુબા ગોપાલસંઘ સોલંકી સાથે ગામના દલપતસંગની સીએનજી રીક્ષા નં. જી.જે.૦૧.સી.ટી.૩૫૩૫ માં રતનપુરા થી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવવા માટે નીકળ્યા હતા. તે સમયે આશરે સાડા દસ વાગ્યાના અરસામાં ટીંટોડા ફાટકથી આગળ અચાનક રીક્ષાનું આગળનું ટાયર નીકળી જતા રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ચંદુભાને ડાબા પગ ઉપર ઈજા થઈ હતી. તેઓની માતાને માથાના ભાગે તેમજ ખભાના ભાગે સહિત બંન્ને પગે ઈજા થતા લોહીલુહાણ હાલત થઈ ગઈ હતી. જયારે રીક્ષા ચલાવનાર દલપતસંગ પ્રહલાદસંગ સોલંકીને પણ ડાબા હાથે ઈજા પહોંચી હતી. જયારે તેના બંન્ને ભાભીને કોઈ ઈજાઓ થઈ ન હતી. અકસ્માતને પગલે ગ્રામજનો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઈજાગ્રસ્તોને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન જામબાનું મૃત્યું થયુ હતું. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

## ચિલોડા જોહન ડીયર ટ્રેકટર ડેપોની ઓફિસમાંથી આઈફોનની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર જોહન ડીયર ટ્રેકટર ડેપોમાં એકઝીક્યુટીવ તરીકે ૨૬ વર્ષિય સુરજ લાલચંદ ચૌધરી છેલ્લા દશ મહિનાથી કામ કરી પરિવારનુ ગુજરાન ચલાવુ છું.

સુરજ ચૌધરીએ વર્ષ ૨૦૨૦માં આઈફોન ઈલેવનની ખરીદી કરી હતી. ત્યારે ગત તા.૧૫ ના રોજ રાત્રીના સાડા બાર વાગે જોહન ડીયર ટ્રેકટર ડેપોની મેનેજમેન્ટ ઓફિસમાં કામ કરતો હતો.

તે દરમિયાન સુરજ સુઈ ગયો હતો અને ઓફિસનો દરવાજો ખુલ્લો હતો. જયારે ઓફિસના ટેબલ પર ફોન મુક્યો હતો. ત્યારબાદ સવારે છ વાગે ઉઠીને જોયુ તો ટેબલ પરથી આઈફોન ગાયબ હતો. જેથી યુવકે ફોનની ઓફિસમાં શોધખોળ કરી હતી.

ત્યારબાદ સિક્યુરીટીને પુછતા તેણે પણ ફોન અંગે ખબર ન હોવાનું જણાવતા સીસીટીવી ફુટેજ ચેક કરતા રાત્રીના સમયે અજાણ્યો શખ્સ ઓફિસમાં પ્રવેશી આઈફોન ચોરી કરી લઈ ગયો હતો.



સેકટર-૫ સિનિયર સિટિઝન હોલમાં પરસોત્તમ માસ નિમિત્તે ભજન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. બ્રહ્મ સખી ભજન મંડળ દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા.

## ખૂણેખાંચરેથી

● આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે ૧૫મી ઓગષ્ટની ઉજવણીના આયોજન અંગે બેઠક મળી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ચેરમેનો આવ્યા હતા પરંતુ તેઓ તેમની ખેતી સહિતની વાતોમાં વધુ વ્યસ્ત હતા.

● ગાંધીનગર જિલ્લામાં ગુટલીબાજ કર્મચારીઓ પર તવાઈ લાવવા તંત્ર અલગથી રણનીતિ તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે.

● ગાંધીનગર શહેરમાં આજે છુટો છવાયો વરસાદ થતાં જનજીવન પર તેની અસરો જોવા મળતી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ હોવાથી આરોગ્યતંત્રની ચિંતા વધી છે.

● આજે બુધવાર એટલે મમતા દિવસની ઉજવણીને લઈ આરોગ્યતંત્રના અધિકારીઓ તેની તપાસ માટે ગયા હતા.

● દહેગામ-કપડવંજ સુધીનો માર્ગ ફોરલેન કરવા મુખ્યમંત્રીને રજુઆત કરાઈ છે.

● ગાંધીનગરમાં આજે વેધર વૉચ ગૃપની મહત્વની બેઠક મળી હતી.

● પેથાપુર ખાતે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સરસ્વતી વંદન અને વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરાયુ હતુ.

● ખોરજ ખાતે શાળાના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી.

● કલોલમાં રેલ્વે ગરનાળાના માર્ગ પર અકસ્માતનો ખતરો ઉભો થતાં વાહનચાલકોમાં ગભરાટની લાગણી પ્રસરી છે.

● કલોલમાં જાયન્ટસ્ પીપલ ફાઉન્ડેશન દ્વારા વરિષ્ટ વય વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો.

● રોટરી કલબ ગાંધીનગર દ્વારા શાકભાજીના રોપા-બીજનું વિતરણ કરવામાં આવશે.

● આજોલ ગામની સીમમાં આવેલ બોરકુવાનો ૩૭ હજારની કિંમતનો કેબલ વાયર ચોરાતાં ખેડૂતોમાં ભયની લાગણી પ્રસરી છે.

● ગાંધીનગર પોલીસ અને જિલ્લા પંચાયત ગાંધીનગરના સહયોગથી રક્ષાશક્તિ યુનિ. દ્વારા ડ્રાયવરોની આંખ અને આરોગ્યની તપાસનો કાર્યક્રમ યોજાયો હતો.

● દહેગામ કોલેજમાં વસ્તી અને વિકાસ પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરાયુ હતુ.

● ગાંધીનગર શહેરના શિવાલયોમાં ભક્તોની ભીડ જામી રહી છે.

● ગાંધીનગર શહેરમાં હળવા વરસાદી ઝાપટાઓને પગલે પુનઃ કાદવ કીચડની સ્થિતિ ઉભી થઈ છે.

● શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે મનપાએ કેચપીટોની સફાઈ અગ્રતાના ધોરણે પુનઃ હાથ ધરી છે.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટર ઓફિસમાં ૨૨ નાયબ મામલતદારો જિલ્લા ફેર બદલીના થયેલા હુકમ અંતર્ગત હાજર થયા છે.

# શહેરના ભાઈજીપુરા પાટીયા પાસેથી ચોરીના બાઈક સાથે શખ્સ ઝડપાયો

**એલસીબી-૧ પોલીસે બાઈક, સાયકલ, મોબાઈલ મળી કુલ રૂ.૪૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના ઈન્ફોસીટી કુડાસણ વિસ્તારમાંથી ચોરી થયેલા બાઈક સાથે આરોપીને ભાઈજીપુરા પાટીયા પાસેથી દબોચી પાડી વાહનચોરીનો ભેદ ઉકેલી નાંખી વધુ તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૧ પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પીએસઆઈ વી.એ.શાહ ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા. તે




દરમિયાન દિગ્વિજયસિંહ ફુલુભા, દિગ્વિજયસિંહ હરીસિંહને સંયુકત બાતમી મળી હતી કે નિર્મલ મનુભાઈ શ્રીમાળી ( રહે કમલમ સોસાસટીભાઈજીપુરા પાટીયા પાસે ચોરીના બાઈક નં. જી.જે.૧૮.ડી.એન.-૮૯૦૪ સાથે એલસીબી-૧ પોલીસે દબોચી લીધો છે. ઈન્ફોસીટી પોલીસ મથકનો વાહન ચોરીનો ભેદ ગણતરીના સમયમાં એલસીબી-૧ પોલીસે ઉકેલી દીધો હતો.

# એપોલો સર્કલથી ચોરીના એકટીવા સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદના સરદારનગર અને એરપોર્ટ પોલીસ મથક વિસ્તારમાંથી એકટીવા ચોરી થયા હતા. ત્યારે એકટીવા ચોરીનો ભેદ ગાંધીનગર એલસીબી-૧ પોલીસે ઉકેલી નાંખ્યો છે. એપોલો હોસ્પિટલ પાસેથી પોલીસે આરોપીને એકટીવા, તેમજ લુંટ કરેલા બે મોબાઈલ મળી કુલ રૂ.૫૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એમ.જે. મકવાણા તેમજ સ્ટાફના જવાનો અડાલજ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા.

તે દરમિયાન એએસઆઈ ભવાનસિંહ અને કોન્સ્ટેબલ રાજવીરસિંહને બાતમી મળી હતી કે ત્રણ માસ અગાઉ અમદાવાદના સરદારનગર વિસ્તારમાં ભગવતીનગર સોસા યટી ખાતે એકટીવા નં. જી.જે. ૦૧.એલ.એમ.-૮૩૪૯ તેજમ એરપોર્ટ વિસ્તારમાં રાજદીપ એપાર્ટમેન્ટમાંથી એકટીવા નં.જી.જે.૦૧.એન.ઝેડ.-૩૮૦૧ ચોરી થયા હતા. ભગવતીનગર સોસાયટી ખાતેથી ચોરી થયેલ એકટીવા અને સરદારનગર વિસ્તારના ભદ્રેશ્વર મંદિર પાસેથી લુંટ ચલાવેલ ફોન નંગ-૨ સાથે આરોપી સિદ્ધાર્થ ઉર્ફે નવલ વિહાભાઈ ભીલ (ઉં.૨૨ રમેશ દતની ચાલી ભીલવાસ સરદાર નગર)ને એપોલો હોસ્પિટલ પાસેથી પકડી પાડી એકટીવા અને બે મોબાઈલ મળી કુલ રૂ.૫૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# યોગ વર્ગમાં સાપ્તાહિક પર્વના કાર્યક્રમની ઉજવણી



ગાંધીનગર,તા.૧૯

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સંચાલિત યોગ કોચ આશા મેહતા દ્વારા સેક્ટર ૪ ગાર્ડન ખાતે ચલાવવામાં આવતા યોગ વર્ગમાં સાપ્તાહિક પર્વના વિવિધ નવીન કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ વૃક્ષ ખાસ બીલીપત્રો સેક્ટર ૪ ઓમકારેશ્વર મંદિરના પ્રાંગણ ખાતે વૃક્ષારોપણ, નવા ત્રણ યોગ વર્ગો શરૂ, વિવિધ ટ્રેનર્સ દ્વારા યોગ વર્ગો સુભારંભ કરવાની ખુશીમાં વૈદિક યજ્ઞ, વિવિધ યોગીક રમતો, રમત ગમત સ્પર્ધા, હાર્ટફુલનેસ અડાલજ માં ચલાવવામાં આવતા જ્યોતિબેન ગોસ્વામી દ્વારા એકદિવસીય મેડિટેશન નો કાર્યક્રમ,એક દિવસીય પ્રવાસ, તેમજ યોગા નારી ઈન સાડી ને સાર્થક કરતો સાડી ડે ની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી.




રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર પોલીસ અને જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા આયોજિત ટ્રક ડ્રાઈવર નો આંખ અને આરોગ્ય સ્કિનિંગનો કાર્યક્રમ મોટા ચિલોડા સવિતાબા ઓમ રાવલ હોસ્પિટલ મુકામે યોજાયેલ,

# ઈન્દ્રશીલ યુનિવર્સિટીના વિદ્યાર્થિઓનું અવિશ્વસનીય પ્લેસમેન્ટ




ગાંધીનગર,તા.૧૯

ઈન્દ્રશીલ યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટની સ્થિતિ જોતાં પરિણામો માત્ર અદભૂત છે. કમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ, મિકેનિકલ, કેમિકલ, કેમિસ્ટ્રી અને માઈક્રોબાયોલોજીની શાખાઓ પહેલેથી જ વિશ્વભરની અગ્રણી કંપનીઓ સાથે અદલાબદલી થઈ રહી છે. આ વખતે વિદ્યાર્થીઓન INR ૪૫ LPA નું સર્વોચ્ચ પેકેજ ઓફર કરવામાં આવ્યું છે અને સરેરાશ પેકેજ INR ૩.૪૦ LPA છે. નિમિષ દવે - હેડ - કોર્પોરેટ રિલેશન્સ ઉમેરે છે કે કંપનીઓ પ્લેસમેન્ટ માટે કેમ્પસમાં આવવા માટે સ્લોટની માંગ કરી રહી છે અને અમારી પાસે તેમના માટે કોઈ લાયક વિદ્યાર્થી બાકી નથી. ઉપરાંત, તેમણે ઉમેર્યું હતું કે ઈન્દ્રશીલ યુનિવર્સિટીમાં, વિદ્યાર્થીઓને તેમના ૫મા સેમેસ્ટરથી એટલે કે તેમના સ્નાતક થયાના બે વર્ષ પહેલાં ઑફર મળી હતી. અમે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકીએ છીએ જેમાં માત્ર એન્જિનિયરિંગ, ફાર્મસી અને વિજ્ઞાન જ્ઞાન જ નહીં પરંતુ સોફ્ટ સ્કિલ નોલેજ, મેનેજમેન્ટ એપ્રોચ, એચઆર મેનરિઝમ, ટાઈમ મેનેજમેન્ટ, બિઝનેસ કોમ્યુનિકેશન, પૂર્વ-નિર્ધારિત પરિપ્રેક્ષ્ય મન સાથે વ્યવહાર, ઈન્ટરવ્યૂનો સામનો કરવો, ટીમ મેનેજમેન્ટ કૌશલ્ય, જૂથ ચર્ચા શિષ્ટાચાર અને અન્ય મેનેજમેન્ટ સંબંધિત કુશળતા. ઈન્દ્રશીલ યુનિવર્સિટી તેની પ્રકારની પ્રથમ યુનિવર્સિટી છે અને ખરેખર એવા મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ માટે છે જેઓ બહુરાષ્ટ્રીય સંસ્થા સાથે તેમની કારકિર્દી શરૂ કરવા અને નવીન અને ઉદ્યોગસાહસિક સાહસ વૈશ્વિક સ્તર દ્વારા તેમની હાજરીને ચિહ્નિત કરવા માગે છે. O2H હેલ્થકેર, સિન્ઝેલ રિસર્ચ, KUKDO કેમિકલ્સ, TCS, BOSC ટેકલેબ્સ, એયુએમ રિસર્ચ લેબ, ઈન્ટરવેઈન રિસર્ચ લેબ, લિંકન ફાર્માસ્યુટિકલ્સ, ટ્રાયોલોજી, કેડિલા ફાર્માસ્યુટિકલ્સ, એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ, સિમેન્સ એનર્જી, યુડિઝ, સનફ્લોબીઝ, લિમિટેડ, લિમિટેડ અને ઘણી કંપનીઓ પ્રતિભા માટે કેમ્પસ ડ્રાઈવનું સંચાલન કર્યું હતું.




દહેગામમાં એમ.બી. કોલેજ ઓફ કોમર્સ એન્ડ શ્રી જી.એમ.એન. લાલજી આર્ટસ કોલેજમાં વસ્તી અને વિકાસ ઉપર તા. ૧૮-૭-૨૦૨૩ના રોજ વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. આ વ્યાખ્યાનના મુખ્ય વકતા ડૉ. હેમંત શાહ હતા. ડૉ. હેમંત શાહ દ્વારા આ વ્યાખ્યાનમાં વસ્તી વધારાને હકારાત્મક દૃષ્ટિથી જોવાનો દૃષ્ટિકોણ કેળવવો જોઈએ. વસ્તી વધારાને અભિશાપ નહી, પરંતુ આશિર્વાદ તરીકે જોવો જોઈએ તેના વિષે ચર્ચા કરવામાં આવી. આ વિશેષ વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓએ વસ્તી ગતિશીલતા સમજી તેમજ વસ્તી સંદર્ભના તર્કસંગત નિર્ણય લેવાની કુશળતા વિકસાવવી અને વસ્તી વધારાની ગેરસમજને દૂર કરી આ વસ્તી અને વિકાસના વિશેષ વ્યાખ્યાનનું સંપૂર્ણ આયોજન અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.